# ઋણ સ્વીકાર

વડોદરાના એક સામાન્ય પરિવારમાં ઉછરેલી હું ઘરની સૌથી મોટી દીકરી. બાળપણથી જ અંતર્મુખી સ્વભાવને કારણે સહજ રીતે ઓછા બોલી બની રહી છું. માતા – પિતા અલ્પ શિક્ષિત હતા, છતાં માતાશ્રી પાસેથી બાળપણથી જ વ્રતકથાઓની પુસ્તક વાંચવા મળી જતી અને એ રીતે જરીક વાર્તાઓ અને વાંચન પ્રત્યે રસ જાગ્યો હતો. શાળાના અભ્યાસકાળ દરમ્યાન પુસ્તકાલયમાં તો પ્રવેશ મળતો ન હતો. પણ નવા સત્રના ગુજરાતી વિષયના પુસ્તકો આવે એટલે વાંચવાનો બહુ રસ પડે. અને શાળાના અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતી ભાષાના વિષયમાં મારા ગુણ સારા આવતા હતા. અને આ સમયથી જ વાંચન પ્રત્યે રસ રહ્યો છે. આમ ધાર્મિક ભાવના ધરાવતા મારા માતૃશ્રી પાસેથી વાંચન માટેની પ્રેરણા મળી રહી. પ્રાથમિક અભ્યાસના સમયગાળા દરમ્યાન જ માતાના અવસાન બાદ સહજ રીતે મોટી દીકરી હોવાને કારણે નાના ભાઈ – બહેનની જવાબદારીઓ નિભાવતા - નિભાવતા ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યો. અને સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવ્યા બાદ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની હંસા મહેતા લાઈબ્રેરી અને મેમોરિયલ લાઈબ્રેરીના પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્ય સાથેનો સેતુ બંધાયો. અભ્યાસવૃત્તિ વાળી માનસિકતા મારા પિતાશ્રી જાણતા હતા તેથી તેઓ સદાય મારા માટે બળ અને આગળ વધવા માટે આશારૂપ બની રહ્યા હતા. અનુસ્નાતકના અભ્યાસ સુધી પિતૃછાયા પણ શિરે ના રહી. પણ ઉચ્ચ અભ્યાસના સમયકાળ દરમ્યાન મારા ગુરુજનોના આશીર્વાદનું મારા અભ્યાસીક જીવન ઘડતરમાં બહુ અગત્યનું યોગદાન રહ્યું છે.

ગુજરાતી સાહિત્ય પ્રત્યે રહેલા મારા આ રસને પ્રોત્સાહન પૂરું પાડનાર મારા પ્રથમ અધ્યાપિકા ડો. પન્ના ત્રિવેદી હતા. જેમણે મારી જવાબવહીમાં નોંધ લખી 'મળી જવું'. પણ મારા ભીરુ સ્વભાવને કારણે હું બે દિવસ સુધી તેમને મળી નહીં. પણ મળ્યા પછીના તેમના મારા લખેલા જવાબવહીના જવાબ માટેના પ્રશંસાના શબ્દોએ મને વધુ મહેનત કરવા માટે પ્રેરણા આપી.

સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસ દરમ્યાન પ્રો. સુધાબેન પંડ્યા, પ્રો. રમણ સોની, પ્રો. નીતા ભગત, પ્રો. જયેશ ભોગયતા, પ્રો. રાજેશ પંડ્યા, પ્રો. ભરત પંડ્યા, પ્રો. ભરત મહેતા, પ્રો. પુંડલિક પવાર, પ્રો. દર્શિની દાદાવાલા, પ્રો. કાન્તી માલસતર, જેવા ગુજરાતી સાહિત્યના અભ્યાસી ગુરુજનો પાસેથી સાહિત્ય અને જીવનના પાઠ શીખ્યા. સાહિત્ય મીમાંસા, નવલકથા કે ટૂંકીવાર્તા સ્વરૂપ, ગ્રંથકાર કે પ્રશિષ્ટ કૃતિ, ભાષાવિજ્ઞાન, તુલનાત્મક સાહિત્ય જેવા વિધ વિધ વિષયો શીખ્યાનો આનંદ આજે પણ એવો રહ્યો કે અધ્યાપક તરીકે વર્ગખંડમાં જઈએ ત્યારે પણ તરોતાજા બને છે. આ બધા ગુરુજનો એ જ, સમયે સમયે મારા જેવા સરેરાશ વિદ્યાર્થીની ધગશને જે પ્રોત્સાહન પૂરું પાડ્યું. તેથીજ સ્નાતક કક્ષાએ અનઅપેક્ષિત સુવર્ણચંદ્રકે મારામાં આત્મવિશ્વાસ પૂર્યો. અનુસ્નાતક કક્ષાએ પણ સારા ગુણ આવ્યા. અને યુ.જી.સી. – નેટ પરીક્ષા પણ પાસ કરી લીધી.

સંશોધન કાર્ય કરવાના ઉત્સાહને મારા મિત્ર ગિરીશભાઈ મકવાણા મારફતે ડો. ભરત પંડ્યા સાહેબ સાથેના થયેલા પરિચયથી વેગ અને બળ મળ્યું હતું. સાહેબશ્રીનો પ્રથમ પરિચય એમ.એ.ના વર્ગખંડમાં સંશોધનના પેપર સંદર્ભે હતો જ. સાહેબશ્રી એ મને એક-બે વિષય સૂચવ્યા અને અંતે ધીરેન્દ્ર મહેતાના સર્જન - વિવેચન કાર્યનો અભ્યાસ વિષય સૂચવ્યો. અને સંશોધન કાર્ય શરૂ કર્યું. પરંતુ પરિવારિક જવાબદારીઓને લીધે ક્યાંક ને ક્યાંક સંશોધન કાર્યનો મારો ઉત્સાહ મંદ પડતો રહ્યો. જેનો વાત્સલ્યપૂર્ણ ઠપકો અને મારા શોધકાર્ય પ્રત્યેની ચિંતા મારા માર્ગદર્શક તરફથી આજ દિન સુધી અનુભવતી રહી છું. તેમના નમ્ર સરળ સ્વભાવે જ આ કાર્ય પૂર્ણ થાય એ તરફનો લાગણીસભર ભાવ હું અનુભવી શકી છું. તે માટે મારા માર્ગદર્શક શ્રી ભરત પંડ્યા સાહેબને કોટિ કોટિ વંદન.

હું મારુ કાર્ય મર્યાદિત સમયમાં પૂરું ન કરી શકી તેનો વસવસો મને હંમેશા રહેવાનો જ. છતા પણ સાહેબશ્રીની વિદ્યાર્થી હિતની ભાવના તેમના સહજ હાસ્ય દ્વારા પામી છે. તેઓ મારા શોધનિબંધના કાર્યમાં સતત રસ લેતા રહ્યા છે. હું જ્યારે સાહેબશ્રીને મળવા આવું ત્યારે તેઓ અચૂક તેમના સમયમાંથી મારી સવલતને ધ્યાને રાખતા. મારા અંતર્મુખી સ્વભાવને કારણે હું ઝડપથી ક્યાય ભળી નથી શક્તી. પરંતુ આ કાર્ય પૂર્ણ થતા મારા

માર્ગદર્શકના સ્વભાવનો મને અહોભાવ છે. સાહેબશ્રીના પત્ની પ્રતિભાબેને પણ સાલસ એવા લાગણીશીલ સ્વભાવનો પરિચય કરાવ્યો. આ અનુભવ મારા જીવનનો અવિસ્મરણીય અનુભવ રહેશે.

મારા શોધકાર્ય દરમ્યાન જરૂર સમયે અથવા કોઈ પણ માહિતી કે સંદેશ સંદર્ભે મિત્રો હંમેશા મદદરૂપ થતાં રહ્યા છે. જેમાં ગિરીશ મકવાણા, પ્રકાશ પરમાર, દિલિપ ધોરિયા, રાજેન્દ્ર બાંભણિયા, સુશિલા વાઘમશી, મૌલિકા પટેલ, હેમંત પરમાર, જલ્પા પટેલ, જીજ્ઞાબા રાણા, મહેશ સોલંકી, મનાલી જોશી, રાઘવ ભરવાડ મારા આ સૌ મિત્રોનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સમગ્ર કાર્યના સમાપનમાં પુસ્તકો માટે જરૂરિયાતમંદ રહેલી મને સમયાંતરે પુસ્તક પૂરી પાડવા બદલ શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરીના ગ્રંથપાલશ્રી, સેન્ટ્રલ લાઈબ્રેરી વડોદરાના ગ્રંથપાલશ્રી તથા મારી હાલની કર્મભૂમિ એવી કે. આર. દેસાઇ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ઝાલોદના ગ્રંથપાલશ્રી શેલક સાહેબ અને મને મારા આ કાર્યમાં સમયાંતરે સમયમાં છૂટ આપનાર મારી કોલેજના પ્રિન્સિપાલશ્રી મધુકર સાહેબનો ખૂબ ખૂબ આભાર.

આ સિવાય બાળપણથી વર્તમાન સમય સુધીની મારી સફરમાં હિતેચ્છુ રહેલી મારી સખીઓ ધર્મિષ્ઠા અને હિમાક્ષી કે જેમને મને હરેક ક્ષણ સાથ-સહકારથી મારા આ કાર્યને પૂર્ણ કરવા બળ આપ્યું છે.

મારા અસ્તિત્વના સ્ત્રોત સમા મારા માતા-પિતા અને કુટુંબીજનોને આ ક્ષણે કેમ ભૂલાય? જેમની પાસેથી હંમેશા સ્નેહ, સહાય, શુભેચ્છાઓ અને હિંમત જ મેળવી છે. જેમાં મારા કૌટુંબિક સભ્ય કહો કે કૌટુંબિક મિત્ર કે જેમણે મને સમગ્ર કાર્યમાં ટેકનિકલ સહાય, માનસિક પ્રોત્સાહન તથા પારિવારિક કસોટીના સમયે સાથ આપી મને શોધકાર્ય પૂર્ણ કરવા તરફ આગળ વધવામાં હમેશા મારા સાથે ખડે પગે રહ્યા એવા મયુરભાઈ અને મારી વ્હાલી, મારી લાડકી એવી નાની બહેન સોનુ (સોનલ) બંનેનો ખરા દિલથી આભાર વ્યક્ત કરું છું. સોનુનો આભાર માનવો પડે એ તેને ગમશે નહીં. છતાં હું આભાર વ્યક્ત કરીશ કેમ કે એ

હંમેશા મારા દરેક કામે ખડે પગે એની યથાશક્તિ મારા પડછાયા રૂપે મારા સાથે રહી મને સાથ આપ્યો છે.

આ સિવાય આ શોધકાર્યમાં જેઓ મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને ક્યાક ને ક્યાક મદદરૂપ થયા છે, તેવા સર્વે પ્રત્યક્ષ કે પરોક્ષ ગુરુજનો, મિત્રો, સ્નેહીજનો, સ્વજનો અને કુટુંબીજનોનો ખૂબ ખૂબ આભાર.

આ શોધકાર્ય મે મારી યથાશક્તિ અને મૌલિક રીતે પૂર્ણ કર્યું છે. જે હું આપ સૌ સમક્ષ રજૂ કરું છું.

તાઃ ૩૦/૦૭/૨૦૧૯ અનિતાબહેન પાદરિયા